અપીલ અરજી નં.૭૩ તા.૨૮–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હરિશચંદ્ર જે. નાણાવટી
સામાવાળાઃ– આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અને હો)
ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ,ગુમાસ્તાધારા)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરિશચંદ્ર જે. નાણાવટીની તા.૨૧–૪–૧૦ની અરજીથી ૧. શહેર સુરતમાં આસી. આરોગ્ય અધિકારીની જગ્યા કેટલી છે? કઈ કઈ? ૨. શહેર સુરતમાં નાયબ આરોગ્ય અધિકારીની જગ્યા કેટલી છે? કઈ કઈ ? અને તેની ફરજો, નામ સરનામા મોબાઈલ નંબર અભ્યાસની વિગતો મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૫–૧૦ ની **SMC/FAP/** નં.૭૩/૨૦૧૦–૧૧

શ્રી હરિશચંદ્ર જે. નાણાવટીની તા.૨૧–૪–૧૦ની અરજીથી ૧.શહેર સુરતમાં આસી. આરોગ્ય અધિકારીની જગ્યા કેટલી છે? કઈ કઈ? ૨. શહેર સુરતમાં નાયબ આરોગ્ય અધિકારીની જગ્યા કેટલી છે? કઈ કઈ ? અને તેની ફરજો, નામ સરનામા મોબાઈલ નંબર અભ્યાસની વિગતો મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી ન મળવાથી તથા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા વિભાગના પત્ર નં. એસએન્ડઈ/જાવક/૩૩ તા.૧૫–૫–૧૦ થી મુદ્દા નં.૧૨ અને ૧૩ ની મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૩૧૭ તા.૫–૬–૧૦ થી .આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અને હો), ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હે અનેહો) તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/આ.નં.૧૩ તા.૮–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, આરોગ્ય વિભાગ તરફથી પર્સોનલ ઓફિસર અને આસી. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને મુદ્દા નં.૧ થી ૧૧ અંગે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૮ તા.૪–૫–૧૦ થી તથા મુખ્ય ગુમાસ્તા નિરીક્ષક અને આસી. જાહેર માહિતી અધિકારીને મુદ્દા નં.૧૨ થી ૧૩ પત્ર નં..પીએચડી/પીઓ/આરટીઆઈ/૯ તા.૪–૫–૧૦ થી તબદીલ કરેલ પત્રની નકલ, જયારે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એસ એન્ડ ઈ/જા/૪૮ તા.૯–૬–૧૦ થી અત્રેના વિભાગને અરજદારને આપેલ માહિતી અંગેનો પત્ર નં.એસએન્ડઈ/જા.૩૩ તા.૧૫–૫–૧૦ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૪ તા.૨૬–૪–૧૦ થી આરોગ્ય અધિકારી અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ તથા જીએડી/ઈએસટી/૭૨૨ તા.૩૧–૫–૧૦ થી આપેલ માહિતની નકલ મળેલ છે.

અરજદારની તા.૨૧–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન મુગલીસરા ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન મારફતે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૪ તા.૨૬–૪–૧૦ થી આરોગ્ય અધિકારી અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જે આરોગ્ય વિભાગ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૮ તા.૪–૫–૧૦ થી મુદ્દા નં.૧ થી ૧૧ માટે પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જયારે મુદ્દા નં.૧૨ અને ૧૩ માટે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૯ તા.૪–૫–૧૦ થી મુખ્ય ગુમાસ્તા નિરીક્ષક અને આસી. જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા તરફથી પત્ર નં.એસએન્ડઈ/૩૩ તા.૧૫–૫–૧૦ થી મુદ્દા નં.૧૨ અને ૧૩ અંગે અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૮–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરી જવાબ અધૂરો પાઠવેલ છે. પ્રશ્ન નં.૧ થી ૧૨ ખાતાના સ્પર્શતા નથી એમ જણાવેલ છે તથા પ્રશ્ન નં.૧૨ અને ૧૩ ખાતા તરફથી લાયસન્સ આપવામાં આવતા નથી તેથી રીન્યુ કે રદ કરવાનો પ્રશ્ન અસ્થાને છે એમ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ પુછેલા પ્રશ્નના યોગ્ય ઉત્તર આપવાને બદલે જે તે વિભાગને સંલગ્ન ન હોવા છતાં તેમને જવાબ આપવા માટે તબદીલ કરેલ છે ખોટી રીતે આરોગ્ય ખાતાના પ્રશ્ન હોવા છતાં ગુમાસ્તા ખાતાને તબદીલ કરેલ છે. યોગ્ય પ્રત્યુત્તર પાઠવવવાને બદલે ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ હોવાનું જણાવેલ છે. તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેના સંદર્ભે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૭૨૨ તા.૩૧–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે. અરજદારની મુદ્દા નં ૧.શહેર સુરતમાં આસી. આરોગ્ય અધિકારીની જગ્યા કેટલી છે? કઈ કઈ? તેવા પ્રશ્ન બાબતે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકામાં આસી. આરોગ્ય અધિકારીની કોઈ જગ્યા નથી. તેવું જણાવેલ છે. ૨. શહેર સુરતમાં નાયબ આરોગ્ય અધિકારીની જગ્યા કેટલી છે? કઈ કઈ ? અને તેની ફરજો, નામ સરનામા મોબાઈલ નંબર અભ્યાસની વિગતો . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નાયબ આરોગ્ય અધિકારી જગ્યા વિગેરેનું દર્શાવતું પત્રક પુરું પાડવામાં આવેલ છે. તેની ફરજો બાબતે મધ્યસ્થ મહેકમના રેકર્ડ ઉપર કોઈ ગાઈડ લાઈન નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ શહેર સુરતમાં ફરજ બજાવતાં આસી. આરોગ્ય અધિકારીના નામ સરનામા મોબાઈલ નંબર તથા અભ્યાસની વિગતો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સક્ષમ સત્તાના હુકમ મુજબ આસી. આરોગ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા અધિકારીનું વિગત દર્શાવતું પત્રક આપવામાં આવેલ છે. મુદ્દાં.૪ શહેર સુરતના આસી. આરોગ્ય અધિકારીએ બજાવવાની ફરજોની માહિતી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકામાં આસી. આરોગ્ય અધિકારીની કોઈ જગ્યા નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ શહેર સુરતના સેન્ટ્રલઝોનના આરોગ્ય અધિકારીની નિમણુંક કયા ઠરાવ નંબરથી કયા કમિટી ધ્વારા કરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સક્ષમ સત્તાના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/ ૨૩૭૧ તા.૪–૧૧–૦૯ થી કામગીરી સોંપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ શહેર સુરતના સેન્ટ્રલઝોનના આસી. આરોગ્ય અધિકારીને

ભુતકાળમાં સેન્ટ્રલઝોનમાંથી બદલી કરીને મસ્કતિ હોસ્પિટલ બર્ન્સ વોર્ડમાં ફરજ ઉપર હાજર કરવા પાછળ કયું કારણ હતું? શું તેમને કોઈ ફરજ દરમ્યાન ગેરરીતી આચરી હતી કે પછી તેમનું કવોલીફીકેશન આસી. આરોગ્ય અધિકારીના હોદ્દા માટે પુરતું ન હતું.? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કારણ સંદર્ભેની માંગણી ભારત સરકારશ્રીના તા.૧–૬–૦૯ ના નોટીફીકેશન ક્રમાંક ૧–૭–૦૯ ના આઈ આર મુજબ માહિતીની વ્યાખ્યામાં આવતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ સેન્ટ્રલઝોનના હાલના આસી. આરોગ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી ભટ્ટ સાહેબનું કવોલીફીકેશન કે હોદ્દા માટે જરૂર હોય છે તે છે ખરું? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેઓ જુનીયર મેડીકલ ઓફિસરની લાયકાત ધરાવે છે તેમની લાયકાતને ધ્યાને રાખી આવી કામગીરી સોંપવાના હુકમો કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ ભુતકાળમાં મસ્કતિ હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાં ફરજ ઉપર હાજર કરાયા પછી કયા કારણોસર કોની ભલામણથી કે કઈ કમિટીના કયા ઠરાવ નંબરથી તેમને આસી. આરોગ્ય અધિકારીનો હોદ્દો આપવામાં આવેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કારણ સંદર્ભેની માંગણી ભારત સરકારશ્રીના તા.૧–૬–૦૯ ના નોટીફીકેશન ક્રમાંક ૧–૭–૦૯ ના આઈ આર મુજબ માહિતીની વ્યાખ્યામાં આવતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ આસી. આરોગ્ય અધિકારીના હોદ્દા ઉપર આરૂઢ શ્રી ભટ્ટ સાહેબને નોટીસ આપવાની સત્તા કયા ઠરાવથી કઈ કમિટી ધ્વારા આપવામાં આવેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સક્ષમ સત્તાના થયેલ હુકમ અનુસાર તેઓ સત્તાની રૂએ કામગીરી કરે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૦ આસી. આરોગ્ય અધિકારી શ્રી ભટ્ટ સાહેબની અગાઉ સેન્ટ્રલઝોનમાં થી બદલી કરી મસ્કતિ હોસ્પિટલ બર્ન્સ વોર્ડ ત્યાંથી બીજા ઝોનમાં એમ વારંવાર કોઈને કોઈ વિવાદના કારણે બદલી કરવા છતાં પણ તેમને આસી. આોગ્ય અધિકારીનો હોદ્દો આપવા પાછળના નિયમો અને કારણો જણાવવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કારણ સંદર્ભેની માંગણી ભારત સરકારશ્રીના તા.૧–૬–૦૯ ના નોટીફીકેશન ક્રમાંક ૧–૭–૦૯ ના આઈ આર મુજબ માહિતીની વ્યાખ્યામાં આવતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દાનં.૧૧ મુખ્ય આરોગ્ય અધિકારી પોતાની સહીથી નોટીસ આપેલ છે કે તેમને આસી. કે નાયબ આરોગ્ય અધિકારીને સહી કરવાના પાવર આપેલ છે આસી. આરોગ્ય અધિકારી તથા નાયબ આરોગ્ય અધિકારી તેમના તાબા હેઠળ આવે છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નાયબ આરોગ્ય અધિકારી આરોગ્ય અધિકારીશ્રીના તાબા હેઠળ ફરજ બજાવે છે. તેઓ સોંપવામાં આવેલી સત્તાની રૂએ કામગીરી કરે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૨ કેરોસીન લાયસન્સ ફી ભરેલ હોય તે છતાં રદ કરવા માટેની સત્તા કોને છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કેરોસીનના લાયસન્સ ગુમાસ્તાધારા વિભાગ તરફથી આપવામાં આવતું નથી. તેવું જણાવેલ છે મુદ્દાનં.૧૩ કેરોસીન લયાસન્સ નવું આપવાની, રીન્યુ કરવાની તથા રદ કરવાની સત્તા કોની પાસે હોય છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કેરોસીન લાયસન્સ ગુમાસ્તાધારાના વિભાગ તરફથી આપવામાં આવતું ન હોય રીન્યુ કે રદ કરવાની સત્તાનો પ્રશ્ન અસ્થાને છે. તેવું જણાવેલ છે.

અરજદારની અપીલના મુદ્દા નં.૧ થી ૧૧ ની નહીં મળેલી માહિતી તથા મુદ્દા નં.૧૨ અને ૧૩ બાબતે અપીલ તબકકે કેરોસીન લાયસન્સ અંગે આરોગ્ય ખાતાના પ્રશ્ન હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૭૨૨ તા.૩૧–૫–૧૦ થી આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૧ ૨અને ૧૩ ની કેરોસીન લાયસન્સ બાબતે ગુમાસ્તા લાયસન્સ અંગે ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે કેરોસીન લાયસન્સની માહિતીમાં તે આરોગ્ય કે ગુમાસ્તા બાબતે મુળ અરજીમાં કોઈ સ્પષ્ટતા કરેલ નથી તેમ છતાં ગુમાસ્તાધારા તરફથી કેરોસીન લાયસન્સ બાબતેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે કેરોસીન લાયસન્સ બાબતે આરોગ્ય વિભાગના લાયસન્સ બાબતેની માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. જો કેરોસીન લાયસન્સ અંગેની બાબત તેમના કાર્યક્ષેત્રમાં આવતી ન હોય તો જે સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેમને આરટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ તબદીલ કરવાની રહે. જે પ્રસ્તુત કેસમાં લાયસન્સ સંદર્ભે આરોગ્ય અધિકારી કક્ષાએથી થયેલ નથી.

જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ કક્ષાએથી પૂરક વિગતો મંગાવવા છતાં અપીલ તબકકે તેમણે અરજદારને આપેલ રવાનગી પત્ર સાથેના મુદ્દા નં.૨ અને ૩ ના પત્રકની વિગતો સામેલ કરેલ નથી. તેથી તેમાં શું વિગત આપેલ છે તે સ્પષ્ટ થઈ શકતું નથી.

જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી અરજદારને તા.૩૧–૫–૧૦ ના રોજ આપેલ માહિતીમાં મુદ્દા નં.૧ અને ૪ માં અનુક્રમે આસી. આરોગ્ય અધિકારીની જગ્યા અને તેમની ફરજોની માહિતી બાબતે એવી કોઈ જગ્યા નથી તેવી માહિતી આપેલ છે જયારે મુદ્દા નં.૩ માં આસી. આરોગ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા અધિકારીની વિગત પત્રકમાં આપેલ છે. જે પારસ્પરિક રીતે વિરોધાભાસ દર્શાવે છે. માહિતી અધિકાર અધિનિયમ તેના આમુખમાં વ્યકત થયેલ પારદર્શિતા જવાબદારીના ઉદ્દેશોની ભાવના સાથે લોકશાહીમાં સુમાહિતગાર નાગરિકો હોવા ઉપર ભાર મુકવામાં આવેલ છે. તે ધ્યાને લેતાં મુદ્દા નં.૧,૩ અને ૪ અંગે જાહેર સત્તા મંડળમાં જાહેર સેવકની જગ્યાના બાબતે સ્વયં સ્પષ્ટ માહિતી અરજદારને પૂરી પાડવી રહે. તેવી જ રીતે મુદ્દા નં.૬,૮ અને ૧૦ અંગે જાહેર સત્તા મંડળના જાહેર સેવક બાબતે તેમની બદલી અને નિમણુંકના કારણોની માહિતી અરજદારે માંગેલ છે. તે જાહેર માહિતી અધિકારી ધ્વારા કારણ આપવાનું નથી એવું જણાવી ઈન્કાર કરવામાં આવેલ છે. પરંતુ આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળના અપવાદની કોઈ કલમ જણાવેલ નથી. જે કાયદાની જોગવાઈ સાથે સુસંગત નથી. આ બંને બાબતો દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવી રહે. જાહેર સેવકના હોદ્દા બાબતેની વિગત જણાવતો અધિકાર નાગરિકોને બંધારણ હેઠળ પણ પ્રાપ્ત થાય છે સાથે આરટીઆઈ કાયદા હેઠળ પણ માહિતી મેળવવા હકદાર ઠરે છે. તે જ રીતે મુદ્દા નં.૯ અંગે અરજદારે આસી. અધિકારીને નોટીસ આપવાની સત્તા કોના ધ્વારા કયા ઠરાવથી આપેલ છે તેની માહિતી માંગેલ છે. જે આરટીઆઈ એકટની કલમ–૪(બી) હેઠળ મેન્યુઅલ –૨ અન્વયે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવે છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માત્ર " સક્ષમ સત્તાના હુકમ અનુસાર" તેવી વિગત આપેલ છે. જે કાયદાના ઉદ્દેશોથી ચરિતાર્થ થયેલ ભાવના સાથે સુસંગત નથી. તેવી જ રીતે મુદ્દા નં.૨ ના આરોગ્ય અધિકારીની ફરજો બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી "રેકર્ડ પર કોઈ ગાઈડ લાઈન નથી" તેવી માહિતી આપેલ છે. તેમ છતાં તે માહિતી પૂરી પાડવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૧–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે મુદ્દા નં.૧,૩ અને ૪ ની માહિતી પારસ્પરિક રીતે સુસંગત દફતરી હકીકતલક્ષી માહિતી, મુદ્દા નં.૨ ની આંશિક માહિતી, મુદ્દા નં.૬,૮,૯ તથા ૧૦ ની દફતરી વિગતે વાસ્તવિક માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૧૦ માં પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ અને ડે.કમિશ્નર(પઅનેઈ) ને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૧૨ અને ૧૩ અંગે લાયસન્સ બાબતે જેટલી માહિતી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી આરોગ્યના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેટલી માહિતી તેઓ કક્ષાએથી આરોગ્ય લાયસન્સ સંદર્ભે તેઓ કક્ષાએથી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવી તથા તે પૈકીની કોઈ માહિતી અને જાહેર સત્તા મંડળને સ્પર્શતી હોય તો દિન–૫ માં અરજદારની જાણ હેઠળ તબદીલ કરવા આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી આરોગ્યને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અને હો), ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ, ગુમાસ્તાધારા)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી હરિશચંદ્ર જે. નાણાવટી